પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૩૭ | ૯ નવેમ્બર, ૨૦૨૧, મંગળવાર; કારતક સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

ચેન્નઈમાં અતિભારે વરસાદ

જનજીવન અસ્તવ્યસ્ત, ઘરોમાં પાણી ઘૂસ્યા : સતત વરસાદના કારણે લોકોની મુશ્કેલીઓમાં વધારો : ચેન્નઈમાં ભારે વરસાદને પગલે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તમિલનાડુના મુખ્યમંત્રી સાથે પરિસ્થિતિ વિશેની જાણકારી લેતા વાત કરી હતી

તમિલનાડુ,તા.૮

રવિવારે ચેન્નઈમાં પડેલા ભારે વરસાદે હાહાકાર મચાવી દીધો છે. ભારે વરસાદના કારણે આખું શહેર પાણી-પાણી થઈ ગયું છે. ભારે વરસાદના કારણે ચેન્નઈમાં પૂર જેવી સ્થિતિનું નિર્માણ થતાં લોકો પોતપોતાના ઘરમાં પૂરાઈ ગયા છે. ભારે વરસાદના કારણે જનતાને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ચેન્નઈ શહેરના ઘણાં વિસ્તારોમાં પાણી ભરાઈ ગયું છે. ચેન્નઈમાં પડેલો વરસાદ છેલ્લા ૬ વર્ષમાં સૌથી વધારે હોવાનું એક રિપોર્ટના આધારે જાણવા મળી રહ્યું છે. ચેન્નઈમાં પડી રહેલા સતત વરસાદના કારણે લોકોની મુશ્કેલીઓમાં વધારો થઈ રહ્યો છે.

ભારે વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારોમાં જે ઘરો છે તેમાં પાણી ઘૂસી ગયા છે. તેઓ સામે હવે આજીવિકાનું સંકટ ઊભું થઈ ગયું છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, કલાકોથી પડી રહેલા સતત વરસાદના કારણે પાણી પશ્ચિમ મામ્બલમમાં ઘરોમાં ઘૂસી ગયા છે. જેના કારણે લોકોના ઘરનો કિંમતી સામાન ખરાબ થઈ ગયો છે. હજુ પણ ત્યાં વરસાદ ઓછો થયો નથી. ચેન્નઈમાં ભારે વરસાદને પગલે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તમિલનાડુના મુખ્યમંત્રી સાથે પરિસ્થિતિ વિશેની જાણકારી લેતા વાત કરી હતી. બચાવ તેમજ રાહતકાર્ય માટે કેન્દ્ર તરફથી પૂરતી મદદની ખાતરી આપવા જણાવ્યું હતું. તેમજ ચેન્નઈના લોકો ભારે વરસાદમાં સુરક્ષિત રહે તેવી પ્રાર્થના કરી હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિશ્વમાં સૌથી લોકપ્રિય નેતા

નવી દિલ્હી,તા.૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફરી એકવાર વિશ્વના સૌથી લોકપ્રિય નેતા તરીકે જાહેર કરવામાં આવ્યા છે. મોર્નિંગ કન્સલ્ટ દ્વારા જાહેર કરાયેલ ગ્લોબલ લીડર એપ્રુવલ રેટિંગમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૭૦ ટકા વોટ સાથે ટોચ પર છે. જ્યારે મેક્સીકન રાષ્ટ્રપતિ એન્ડ્રેસ મેન્યુઅલ લોપેઝ ઓબ્રાડોર ૬૬ ટકાના રેટિંગ સાથે બીજા સ્થાને છે. તે પછી ૫૮ ટકા સાથે ત્રીજા નંબરે ઇટાલીના વડાપ્રધાન મારિયો ડ્રેગી, ૫૪ ટકા સાથે ચોથા નંબરે જર્મન ચાન્સેલર એન્જેલા મર્કેલ અને ૪૭ ટકા સાથે પાંચમા નંબરે ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન સ્કોટ મોરિસન છે.

રાફેલ સોદામાં કમિશન ચુકવાયું હતું

નવી દિલ્હી, તા.૮

ભારત-ફ્રાંસ વચ્ચે થયેલી રાફેલ ફાઈટર પ્લેન ડીલ મામલે ફરી એક વખત ભ્રષ્ટાચારનો જિન બહાર આવ્યો છે. ફ્રાંસના એક પબ્લિકેશન 'મીડિયાપાર્ટ' દ્વારા કરવામાં આવેલા દાવા પ્રમાણે ફ્રાંસીસી કંપની દસો એવિએશને ૩૬ એરક્રાફ્ટની ડીલ માટે એક વચેટિયાને ૭.૫ મિલિયન યુરો કમિશન આપ્યું હતું.

મીડિયાપાર્ટના કહેવા પ્રમાણે તેના દસ્તાવેજ હોવા છતાં ભારતીય પોલીસે આ મામલે તપાસ શરૂ ન કરી. મીડિયાપાર્ટે કરેલા દાવા પ્રમાણે આ માટે નકલી બિલ બનાવવામાં આવેલા. પબ્લિકેશને એવો દાવો પણ કર્યો કે, ઓક્ટોબર ૨૦૧૮થી સીબીઆઈ અને ઈડીને પણ આ અંગે ખબર હતી કે, દસો એવિએશને સુશેન ગુપ્તા નામના વચેટિયાને ૭.૫ મિલિયન યુરો (આશરે ૬૫ કરોડ રૂપિયા)નું કમિશન આપ્યું. કંપનીએ આ બધું એટલા માટે કર્યું જેથી ભારત સાથેની ૩૬ ફાઈટર પ્લેનની ડીલ પૂરી થઈ શકે. સાથે જ એવો દાવો પણ કરવામાં આવ્યો કે, સુશેન ગુપ્તાએ દસો એવિએશન માટે ઈન્ટરમીડિએટર તરીકે કામ કર્યું.

દિલ્હીમાં એક સપ્તાહમાં ૩૦ કન્ટેઈન્મેન્ટ ઝોન વધ્યા

નવી દિલ્હી,તા.૮

રાજધાની દિલ્હીમાં કોરોના કેસમાં ફરી વધારો થવા લાગ્યો છે. નવા કેસની સાથે સક્રિય દર્દીઓની સંખ્યા પણ સતત વધી રહી છે. દિલ્હીના સ્વાસ્થ્ય વિભાગ અનુસાર રવિવારે કોરોનાના ૪૭ નવા કેસ સામે આવ્યા, જ્યારે ૩૩ દર્દીઓ સાજા થયા છે. રાહતની વાત છે કે રવિવારે કોઈપણ દર્દીનું મોત થયું નથી. તો દિલ્હીમાં છેલ્લા એક સપ્તાહમાં ૩૦ કન્ટેઈન્મેન્ટ ઝોન વધારવામાં આવ્યા છે. રાજધાની દિલ્હીમાં અત્યાર સુધી ૧૪,૪૦,૧૧૮ લોકો કોરોનાથી સંક્રમિત થઈ ચુક્યા છે. તેમાંથી ૧૪,૧૪,૬૬૨ દર્દીઓ સાજા થયા, જ્યારે ૨૫૦૯૧ દર્દીઓના કોરોનાને કારણે મૃત્યુ થયા છે. દિલ્હીમાં કોરોનાથી મૃત્યુદર ૧.૭૪ ટકા છે.

શ્રીનગરના બટમાલૂમાં આતંકીઓનો ગોળીબાર

શ્રીનગર,તા.૮

જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદીઓએ ફરી પોલીસને નિશાન બનાવી છે. રવિવારે મોડી સાંજે શ્રીનગરના બટમાલૂ વિસ્તારમાં આતંકવાદીઓ દ્વારા એક પોલીસકર્મીની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. આ ઘટનાને અંજામ આપ્યા બાદ આતંકીઓ ભાગી ગયા હતા. પોલીસ સૂત્રોએ જણાવ્યું કે, આતંકવાદીઓએ કાશ્મીરના બટમાલૂ વિસ્તારની એસડી કોલોનીમાં પોલીસ કોન્સ્ટેબલ ૨૯ વર્ષીય તૌસીફની ગોળી મારીને હત્યા કરી દીધી. પોલીસ કોન્સ્ટેબલને માથામાં ગોળી વાગી હતી. પોલીસ સૂત્રોનું કહેવું છે કે આ ઘટના બાદ સમગ્ર વિસ્તારને કોર્ડન કરી લેવામાં આવ્યો છે. આતંકવાદીઓની શોધમાં સ્થાનિક પોલીસ અને સેના દ્વારા સમગ્ર વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે.

પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ હૃદયાંજલિ

સ્વ. પરસોત્તમભાઈ માધવલાલ પટેલ

સ્વ. તા. ૭/૧૧/૨૦૨૦

સંઘર્ષ તમે કર્યો, ફળ અમને મળ્યા,
લઈ શું ગયા તમે ? આપી ઘણું ગયા અમને,
આપવું એ જ આપનો જીવન મંત્ર હતો,
ભક્તિ તમે કરી, પુણ્ય અમને મળ્યું,
આપના કરેલા સેવા કાર્યો સૌ યાદ કરે છે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...
પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ આપે....

પટેલ બિપિનકુમાર જયંતીલાલ
પટેલ જ્યોત્સનાબેન બિપિનકુમાર
પટેલ અર્ચિત બિપિનકુમાર
પટેલ વિશ્મય બિપિનકુમાર
પટેલ જગદીશકુમાર મથુરદાસ
પટેલ કોકિલાબેન જગદીશકુમાર
પટેલ શ્વેતા અમિતકુમાર
પટેલ ધર્મેન્દ્ર જગદિશકુમાર

પટેલ પંકજકુમાર પરસોત્તમભાઈ
પટેલ ઉર્વીબેન પંકજકુમાર
પટેલ કૃપેશ પંકજકુમાર
પટેલ પૂર્વા કૃપેશ
પટેલ પરેશકુમાર પરસોત્તમભાઈ
પટેલ જીગીશા પરેશકુમાર
પટેલ હાર્દિક પરેશકુમાર
પટેલ આયુશી પરેશકુમાર

સ્વ. માધવલાલ હાથિદાસ પટેલ પરિવાર (ગોવિંદપુરાવાળા)